અપીલ અરજી નં.૨૬ તા.૨૧–૪–૦૯/૧૦

અરજદાર: શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં કોઈ પણ કરદાતા કોઈ પણ વિભાગમાં અરજી કરે તો તેનો નિકાલ કેટલા સમય મર્યાદામાં અરજીનો નિકાલ થવો જોઈએ , બીપીએમસી એકટ મુજબ તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૬/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં કોઈ પણ કરદાતા કોઈ પણ વિભાગમાં અરજી કરે તો તેનો નિકાલ કેટલા સમય મર્યાદામાં અરજીનો નિકાલ થવો જોઈએ , બીપીએમસી એકટ મુજબ તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં માહિતી ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨ તા.૨૮–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી નં.એ.આર.ડી/૭૯ તા.૯–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને પાઠવવામાં આવેલ જવાબની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૯–૩–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં કોઈ પણ કરદાતા કોઈ પણ વિભાગમાં અરજી કરે તો તેનો નિકાલ કેટલા સમય મર્યાદામાં અરજીનો નિકાલ થવો જોઈએ , બીપીએમસી એકટ મુજબ તેની સંપૂર્ણ માહિતીની માંગણી કરવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિમાં માહિતી નહીં મળવાના પ્રતિભાવથી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અરજદારને નં .એ.આર.ડી/૭૯ તા.૯–૫–૦૯ થી અરજદારને કોઈ પણ કરદાતા કોઈ પણ વિભાગમાં અરજી કરે તો તેનો નિકાલ મિલ્કત વેરા સબંધે સને ૧૯ ૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકા અધિનિયમની અનુસૂચિ–'ક' ના પ્રકરણમાં ૮ માં જોગવાઈ કરવામાં આવેલ છે જેમાં દિન–૧૫ માં કરદાતાએ અરજી કરવાની રહે છે. જેનો નિકાલ સામાન્ય સંજોગોમાં દિન–૧૫ માં કરવાનો હોય છે જે સુરત મહાનગરપાલિકાના નિયત કરવામાં આવેલ ફોર્મમાં દર્શાવવામાં આવેલ છે. કરદાતા જો તેની અરજીનો નિકાલ દિન–૧૫ માં ન થાય તો ફરીયાદ કરી શકે છે. તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ જરૂરી માહિતી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આકારણી વિભાગની અરજી બાબતે ઉકત જણાવ્યા મુજબ દિન–૧૫ ની જોગવાઈ કરવામાં આવેલ છે. બીપીએમસી એકટમાં અરજીના નિકાલ બાબતે કોઈ ઉલ્લેખ નથી આ એક વહીવટી નિયમ છે વિ. માહિતી પણ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં વધુ માહિતીની જરૂર જણાય આકારણી વિભાગમાંથી સદર જોગવાઈની ખપ પૂરતી નકલ વિના મૂલ્યે પૂરી પાડવા તૈયારી દર્શાવી અરજદારને સૂચિત કરેલ છે. દરમ્યાન અરજદાર ધ્વારા તા.૧૯–૫–૦૯ ની અરજી આ બાબતે પુનઃ અપીલ કરી આકારણી બાબતે માહિતી માંગેલ નથી. પરંતુ કોઈ વિભાગમાં અરજી કરેલ તો અરજીનો જવાબ કેટલા દિવસમાં આપવો તેવી માહિતી માંગેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ તેમાં તેમણે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે વેબસાઈટ ઉપરથી માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યાનો કોઈ ઉલ્લેખ નથી.

અરજદારની માહિતી માંગતી મૂળ અરજીનું વિષય વસ્તુ સ્પષ્ટ નથી. સંદિગ્ધ પ્રકારનું જણાય છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીના વિષય વસ્તુનો હેતુ ધ્યાને લઈ સમય અવધિ બાદ માહિતી આપેલ જણાય છે. અરજદારે માંગેલ માહિતીનું વિષય વસ્તુ એકંદરે આરટીઆઈ કાયદાની કલમ–૪(૧)(બી) સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીના વ્યાપમાં આવતું જણાય છે તેથી આ પ્રકારની માહિતી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સાથે પ્રકાશિત સ્વરૂપે પણ ઉપલબ્ધ હોવાનું અનિવાર્ય થઈ પડે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેબસાઈટનો સંદર્ભ પણ આપેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ફરીયાદ હકીકતમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે તેમ છતાં અરજદાર સુરત મહાનગરપાલિકાના વેબસાઈટ ઉપરથી આરટીઆઈ કાયદાની કલમ–૪ હેઠળ મુકેલ માહિતીનો સંદર્ભ કર્યા બાદ વધુ વિગતો માટે કે પ્રકાશિત સ્વરૂપે માહિતીની આવશ્યકતા માટે કચેરી કામકાજના સમય દરમ્યાન દિન–૭ માં લાગત જાહેર માહિતી અધિકારીનો રૂબરૂ સંપર્ક કરી શકે છે. અરજદાર તરફથી તેમ થયે જાહેર માહિતી અધિકારી હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ એમ. પટેલ, ૪/૩૬૬, ૧લો માં, દુધારા શેરી, બેગમપુરા, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.